<u>ફોજદારી કેસ નં.1037/2015</u>

**<u>આંક–૧ લગત હુકમઃ</u>**

૧) ફરિયાદીની ફરિયાદ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું. આ કેસમાં ફરિયાદીએ ખાનગી ફરિયાદ કરતાં, મારા પૂર્વગામી મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ–૪૦૬,૪૨૦, ૩૨૩, ૩૮૪, ૫૦૬(૨) મુજબના ગુન્હાના સમન્સ કાઢેલ હતાં.

૨) આ કેસમાં ફરિયાદી કે તેઓના વિ. વકીલશ્રી હાજર રહેતાં ન હોય, આ અદાલત દ્વારા નોટીસ કાઢવામાં આવેલ હતી, જે નોટીસ ફરિયાદી મરણ પામેલ છે તેવા શેરા તથા મરણ પ્રમાણપત્ર સાથે પરત આવેલ છે.

૩) આ કામે ફરિયાદી તરફે કોઈ હાજર રહેતું ન હોય, ફરિયાદ પક્ષ દ્વારા પ્રિ–ચાર્જ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૫(૨) ની જોગવાઈને લક્ષમાં લેતાં, આ કામે ફરિયાદી મરણ પામેલ છે. આથી, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**<u>:: હુકમ::</u>**

ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૫(૨) અન્વયે આરોપીઓને ભારતીય દંડ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૦૬,૪૨૦, ૩૨૩, ૩૮૪, ૫૦૬(૨) મુજબના ગુન્હામાંથી બિન–તહોમત મુક્ત કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૦૯મી માહે–સપ્ટેમ્બર સને–૨૦૨૩ ના રોજ યોજવામાં આવેલ લોકઅદાલત/ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.
તા.૦૯/૦૯/૨૦૨૩

( કમલેશ એન.પ્રજાપતિ )
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૯, અમદાવાદ.
(કોડ જીજે–૦૦૮૮૬)